**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૭ ટકા



# નગરમાં શાકભાજીના ભાવમાં વધારો

ગાંધીનગર, તા.૧૩
અનલોક બાદ નગરના તમામ ધંધા રોજગાર હવે શરૂ થઈ ગયા છે ત્યારે શાકભાજીના ધંધામાં પણ હવે ધીમે ધીમે તેજી આવી રહી છે ત્યારે હાલમાં જ શાકભાજીના ભાવમાં વધારો થયો છે. જેમાં ખાસ કરીને શીમલા મરચું અને કેપ્સીકમના ભાવ સાથે આદુના ભાવમાં વધારો જણાયો છે સાથે દુધી, ભીંડા અને કારેલાનો ભાવ ઘટયો છે.

નગરમાં ૪૦નું પાંચસો મળતું શાક હવે ૬૦નું કિલો થયું છે પરંતુ આદુ, મરચાં, કાકડી, ટામેટા, ગાજર, વટાણા આ તમામ ના ભાવમાં વધારો જણાયો છે. જે સંદર્ભે શીમલા મરચું ૩૦ રૂ.નું ૨૫૦ ગ્રામ, ગાજર ૧૦૦ રૂ. કિલો, કેપ્સીકમ ૧૬૦ રૂ. કિલો, બીટ ૬૦ રૂ.કિલો, ૧૬૦ રૂ. કિલો લીંબુ, ખીરા કાકડી ૬૦ રૂ. કિલો, શીમલા મરચા જે ૬૦ રૂપિયે કિલો હતા હવે ૧૦૦ રૂપિયે કિલોએ વેચાય છે. આદુ ૮૦ થી ૧૦૦ રૂપિયે કિલો હતું તે હવે ૧૬૦ રૂપિયે કિલોએ વેચાય છે. ટમેટાના ભાવ ૪૦ રૂપિયાથી ૮૦ રૂપિયે કિલો થયા છે. ધાણા અને ફુદીનાના ભાવમાં ૨૦ થી ૪૦ રૂપિયાનો ઘટાડો છયો છે. કાચી કેરી ૧૦૦ રૂપિયે કિલો, વટાણા ૧૬૦ રૂપિયે કિલો તથા દૂધી, ભીંડા અને કારેલાનો ભાવ ૬૦ રૂપિયે કિલો થયો છે. કોરોના બાદ અમુક વર્ગને જમવા માટે અન્ન નથી મળતું કારણ કે હજુ માર્કેટમાં મંદીનો માહોલ છે એટલે રોજગારીનું પ્રમાણ વધ્યું નથી ત્યારે શાકભાજીના ભાવમાં વધારો થતા ઘણા નગરજનો અઠવાડિયામાં બે ત્રણ દિવસ તો શાકભાજી આરોગવાનું જ ટાળી રહ્યા છે તેમ જાણવામાં આવ્યું છે.

## સે-૧૬માં ઘટાદાર વૃક્ષના ફળ 'જોખમી' બન્યાં....!!

ગાંધીનગર, તા.૧૩
ગાંધીનગર વિવિધ પ્રકારની વૃક્ષ સંપદાથી સમૃધ્ધ શહેર છે જેના કારણે આ શહેરની હરિયાળી સૌને આકર્ષે છે. જો કે કેટલીકવાર શહેરની આ વનરાજી કોઈક માટે જીવનું જોખમ પણ બની જાય છે જેમ કે શહેરની મધ્યમાં સેક્ટર-૧૬માં પાટનગર યોજના ભવન સામે જ એક એવું આફ્રિકન મૂળનું બાલમખીરા નામનું ઘટાદાર વૃક્ષ આવેલું છે. જેની ડાળીઓ પર મોટી મોટી દૂધી હોય તેવા આકારના લાંબા ફળ મોટા પ્રમાણમાં અત્યારે લટકી રહ્યા છે.જેનું સરેરાશ વજન આશરે ૩ થી ૬ કિલોનું છે. આ ફળ જયારે ડાળીથી કુદરતી રીતે છુટાં પડીને નીચે પડે છે ત્યારે જો કોઈ માનવી પર પડી જાય તો તેને ગંભીર ઈજા થવાનું કે મૃત્યુ થવાનું પણ જોખમ રહેલું છે. હજુ હમણાં જ ગત સપ્તાહે આ ઝાડ નીચે પાર્ક કરેલી એક એસયુવીકારના વિન્ડ સ્ક્રીન પર આ ફળ પડયું હતું. જેના કારણ કારનો આખો વિન્ડ સ્ક્રીન તુટી જતા કારમાલિકને ૭ હજારનું નુકસાન થયું હતું. વળી આ વિસ્તાર દિવસ દરમિયાન ખૂબ જ વસ્તીની ગીચતા ધરાવતો હોવાથી આ ફળ કોઈકનો ભોગ લઈ શકે છે તેથી આ વૃક્ષ પર મોટી સંખ્યામાં લટકી રહેલા ફળ સત્વરે ઉતારી લેવાય તો જોખમ ટળી શકે છે. એક વનસ્પતિ નિષ્ણાંતના મતે ગાંધીનગરમાં બાલમખીરાના ૬૦ થી ૭૦ વૃક્ષો છે.

## શહેર વસાહત મહામંડળની સિનિયર સિટિઝનને બેંકની સુવિધા મળી રહે તે સંદર્ભે સ્ટેટ બેંકના એ.જી.એમ.ને રજુઆત

ગાંધીનગર, તા.૧૩
ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા વરિષ્ઠ નાગરિકો અને સિનિયર સિટિઝન મોસ્ટ (૭૦ વર્ષ ઉપરના)ને ગાંધીનગરની બેંક દ્વારા અમુક સુવિધા મળે તો સંદર્ભે સરકારનો પરિપત્ર આપી રજુઆત કરવામાં આવી હોવા છતાં કોઈ પગલાં લેવાયા નથી જે સંદર્ભે સંસ્થાના પ્રમુખ અરૂણ બુચ જણાવે છે કે ભારતની રીઝર્વ બેંક દ્વારા નવેમ્બર-૧૭માં જ એક પરિપત્ર દ્વારા તમામ શીડયુલ કોમર્શીયલ બેંકો, નાની બેંકોને સૂચના આપવામાં આવી છે કે સિનિયર સિટિઝનને અમુક સુવિધા આપવામાં આવે પરંતુ ગાંધીનગર શહેરમાં બેંકો કે પેન્શન ચુકવણી સંસ્થાઓ દ્વારા વરિષ્ઠ નાગરિકો કે સિનિયર મોસ્ટ સિટિઝનને કોઈ જ સુવિધા આપવામાં આવતી નથી. આ બાબતને ધ્યાનમાં લઈ સંસ્થાના પ્રમુખ અરૂણ બુચ અને ઉપપ્રમુખ મયુર વ્યાસ દ્વારા ઈમેલ દ્વારા સે-૧૦ સ્થિત સ્ટેટ બેંકના એ.જી.એમ. રાજેશકુમાર ગર્ગને રજુઆત કરવામાં આવી છે કે હાલમાં જ લાઈફ સર્ટીફીકેટ માટે બેંકમાં ધક્કા ખાતા વરિષ્ઠો માટે જરુરી વ્યવસ્થા, વાર્ષિક ઈન્મકટેકસનું સ્ટેટમેન્ટ સમયસર અને ઘરે બેઠા મળે તે માટે વ્યવસ્થા ગોઠવવામાં આવે તથા ટ્રેઝેરી કચેરી કે પેન્શન નિયામકનો સંપર્ક કરી વ્યવસ્થા ગોઠવી સિનિયર પેન્શન મેળવતા નાગરિકોને ભોગવવી પડતી તમામ મુશ્કેલીઓ માટે પગલા લેવામાં આવે તથા ખાસ અશકત અપંગ, અંધ લોકોને ઘરે જઈ સુવિધા પુરી પાડવામાં આવે.

### ચિરવિદાય

- સ્વ. પટેલ રીટાબેન વિરૂભાઈ, ઉ.વ. ૫૪, મગોડી વૃધ્ધાશ્રમ
- સ્વ. રામી રણજીતભાઈ માલાભાઈ, ઉ.વ. ૮૧, મુ. દેત્રોજ, જી. અમદાવાદ
- સ્વ. પંચાલ સવિતાબેન આત્મારામભાઈ, ઉ.વ. ૭૦, મુ. વડસર, તા. કલોલ
- સ્વ. શ્રીમાળી પ્રવિણભાઈ હેમચંદ્ર, ઉ.વ. ૬૩, અમરાઈવાડી, અમદાવાદ
- સ્વ. પ્રજાપતિ જીનલ કુણાલકુમાર, ઉ.વ. ૨૫, સાબરમતી, અમદાવાદ
- સ્વ. વિનોદભાઈ ભીખાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૪૫, મુ. સોનીપુર, જી. ગાંધીનગર

## પીડીપીયુ દ્વારા કોવિડ-૧૯ આધારિત ૨૧ દિવસની ડિજીટલ ઈન્ટર્નશીપ

ગાંધીનગર, તા.૧૩
ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી દ્વારા કોવિડ-૧૯ મહામારીના સમયને ધ્યાનમાં રાખીને નાગરિકોને જાગૃત કરવા સાથે માર્ગદર્શક નેતૃત્વ અને સંશોધકો તૈયાર કરવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હાલના કોવિડ-૧૯ના સમયમાં પીડીપીયુની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ દ્વારા બિનપરંપરાગત શિક્ષણ પધ્ધતિ જેમાં આધુનિક તકનીક અને સંશોધનનો આધારે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા ઈન્ટર્નશીપનો પ્રારંભ કરવામાં આવ્યો છે જે ગ્રામીણ ઈન્ટર્નશીપ અને નાગરિક તથા સામાજિક સેવા ઈન્ટર્નશીપ આધારિત છે.

પીડીપીયુની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ દ્વારા ૨૧ દિવસની 'સિવિક એન્ડ સોશિયલ સર્વિસ ડિજીટલ ઈન્ટર્નશીપ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે જેમાં ભારતના ૩૬ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશના ૭૮૦ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે જેઓ વિવિધ એન્જિનીયરીંગ ફેકલ્ટીઝમાં અભ્યાસ કરી રહ્યા છે.

આ ઈન્ટર્નશીપનો હેતુ વિદ્યાર્થીઓને તેમના ઘરે રહીને જ સંશોધન કરવાનો, પૃથ્થકરણ કરવાનો, માળખાગત પ્રશ્નોને સમજવાનો અને તેને રાષ્ટ્રહિતમાં પ્રયોગાત્મક રીતે રજૂ કરીને સંબંધિત વિસ્તારોને મદદરૂપ થવાનો છે. આ ઈન્ટર્નશીપમાં દરેક મુદ્દા આવરી લેવામાં આવ્યા છે જેમાં આરોગ્ય, સામાજિક કલ્યાણ, પ્રકૃતિ અને પર્યાવરણીય કલ્યાણ, શૈક્ષણિક કલ્યાણ, આદિવાસી, ગ્રામીણ અને શહેરી બાબતો, મહિલા અને બાળ વિકાસ, ઉર્જાની જરૂરિયાત, ઔદ્યોગિક અને સંસ્થાકીય કલ્યાણ, કૃષિ અને કિસાન કલ્યાણ તેમજ સાંસ્કૃતિક અને પ્રવાસનનો સમાવેશ થાય છે.



ગાંધીનગર શહેર વરસાદી સિઝનમાં વધુ ગ્રીન બની જાય છે. ઠેર ઠેર ઉગી નીકળતું ઘાસ શહેરને વધુ સંદરતા બક્ષે છે જો કે આ ઘાસ જીવજંતુઓ અને મચ્છરોના ઉપદ્રવનું કેન્દ્ર બને છે. જેને દુર કરવું જરુરી છે. સિવિલ હોસ્પિટલના બગીચામાં ઉગી નીકળલું ઘાસ દુર કરવાની કાર્યવાહી હમણાં ચાલી રહી છે. વધારાનું ઘાસ દૂર થતાં જીવજંતુઓના ઉપદ્રવ પર નિયંત્રણ આવશે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામના પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૩
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા યોજાયેલા આઠ દિવસીય ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામના પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ તારીખ ૧૩ જુલાઈ ૨૦૨૦ ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમના પ્રમુખપદે માન્ય કુલપતિશ્રી હર્ષદ પ્ર શાહ ઉપસ્થિત રહ્યા હતા .મુખ્ય અતિથિ તરીકે કુલ સચિવ શ્રી અશોકભાઈ પ્રજાપતિ, તમામ સ્કૂલના ડાયરેક્ટર્સ અને fdp પ્રોગ્રામના કન્વીનર ડો.જીગ્નેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને સાવિત્રીબાઈ ફુલે યુનિવર્સિટિ પૂણે ના HRDC સંયુક્ત આયોજિત આ એફ.ડી.પીમાં ૧૮ રાજ્યોમાંથી ૩૬૦ જેટલા અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. ઓનલાઇન માધ્યમથી યોજાયેલા આ એફ ડી પી ને અભૂતપૂર્વ સફળતા મળી હતી તેમજ યુજીસીના ચેરમેનશ્રી ડી.પી.સિંગે કાર્યક્રમના ઉદઘાટન સમારંભ માટે ખાસ વીડિયો ક્લિપ મોકલી આપી હતી. પ્રતિદિન યોજાતા બે સેશનમાં જુદી જુદી યુનિવર્સિટીના કુલપતિશ્રીઓએ પણ પોતાનો શુભેચ્છા સંદેશ વ્યક્ત કર્યો હતો. કરીક્યુલમ ડેવલોપમેન્ટ વિષય ઉપર રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાતોએ ગુણવત્તાસભર વ્યાખ્યાન આપ્યા હતા. પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમમાં માન. કુલપતિશ્રી હર્ષદ શાહ આવા બીજા પણ કાર્યક્રમો ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા યોજાય તેવી પ્રેરણા પૂરી પાડી સમગ્ર ટીમને અને સ્ટાફને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## સાયન્સ સિટી દ્વારા વિશ્વ જનસંખ્યા દિવસ ઉપર ખાસ વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૩
ગુજરાત સાયન્સ સિટી દ્વારા શનિવારે વિશ્વ જનસંખ્યા દિવસ નિમિત્તે એક ખાસ વેબિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો.કેયૂર બૂચ(કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક એન્ડ ટ્રોમા સર્જન, સીઆઈએમએસ હોસ્પિટલ, અમદાવાદ) સત્રનું આયોજન કર્યું હતું. જેમાં તેમણે કોવિડ ૧૯ પર બ્રેક મારવાની રીતોથી દરેકને પરિચિત કર્યા હતા અને મહિલાઓના સ્વાસ્થ્ય અને અધિકારોની સુરક્ષા વિશે પણ માહિતી આપી હતી.

ડો.બૂચે દરેકને બહાર જતા સમયે ડબલ લેયર માસ્ક પહેરવા વિનંતી કરી. તેમણે જણાવ્યું હતું કે કોરોના વાઈરસ હવે હવા દ્વારા પણ ફેલાય છે. 'જ્યારે ધૂમ્રપાન કરનાર પોતાનો હાથ મોઢાની નજીક લાવે છે ત્યારે તે વાયરસ શરીરમાં આવી શકે છે. તમાકુ વહેંચણી પણ લોકોમાં વાયરસ સંક્રમિત કરી શકે છે. જો કોવિડ ૧૯ પોઝિટિવ ધૂમ્રપાન કરે તો તેમના દ્વારા બહાર કાઢવામાં આવેલો શ્વાસ અન્ય લોકોને અસર કરી શકે છે.' તેમણે ઉમેર્યું કે દેશભરમાં જાહેર સ્થળો જેવા કે આઉટડોર કાફે, રેલ્વે પ્લેટફોર્મ વગેરે પર ધૂમ્રપાન પ્રતિબંધ કરવાની જરૂર છે.

સગર્ભા સ્ત્રીઓ વિશે વાત કરતા ડો.બૂચે જણાવ્યું હતું કે 'તેઓએ વધારાની કાળજી લેવી જરૂરી છે. આપણે બાળ મૃત્યુદર સુધારવા માટે સારા કામ ચાલુ રાખવાની જરૂર છે. આ પ્રકારના રોગચાળાની પરિસ્થિતિમાં સગર્ભા સ્ત્રીને જન્મ પહેલાંની સંભાળ અને સલામત ડિલિવરી સેવાઓ જરૂરી છે.' તેમણે ઉમેર્યું કે, 'તેમણે ડાયાબિટીઝ, કેન્સર, મેદસ્વીપણાથી પીડાતા લોકોને અને રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેવા વૃદ્ધો વધારે સાવચેત રહેવાની સલાહ આપી હતી. અમુક હાડકાના અથવા સાંધાના દુખાવાના જરૂરી ઓપરેશન હવે સંપૂર્ણ સાવચેતી સાથે કરી શકાય છે.'

# ઓનલાઈન શિક્ષણ કારગત નીવડશે?

## શહેરના વાલીઓના મતે બાળકો વારંવાર કન્ફયુઝ થાય છે પણ ફોન વાપરવાની છૂટથી બાળકો ખુશ છે

**કોરોનાને કારણે થયેલ લોકડાઉન તથા હવે અનલોક દરમિયાન શાળા કોલેજો સદંતર બંધ છે અને ઓનલાઇન શિક્ષણ કાર્ય ચાલી રહ્યું છે ત્યારે મોબાઇલ હાથમાં લેવા માટે ઉત્સુક બાળકોને તો હવે મજા પડી ગઈ છે. આમ વાલીઓ તેમને ફિક્સ સમય સુધી જ મોબાઈલનો ઉપયોગ કરવાની મંજુરી આપતા પરંતુ હવે તો વાલીઓ પણ બાળકને મોબાઈલ આપવા માટે મજબુર છે સાથે સાથે નગરના શિક્ષકો માટે પણ ઓનલાઈન શિક્ષણ આપવું અને બાળકોને એક સાથે સંભાળવા એ એક ચેલેન્જ બની રહી છે ત્યારે નગરના વાલીઓ તથા શિક્ષણ ગણ પાસેથી ઓનલાઈન શિક્ષણ સંદર્ભે થયેલ તેમનો અનુભવ તથા ફાયદા કે ગેરફાયદા જાણીએ.**

●●●

ઓનલાઈન કલાસમાં બાળકોને ભણવામાં બહુ જ તકલીફ પડે છે. તેઓ બરાબર ધ્યાન આપી શકતા નથી. જેથી માતા પિતાએ તેમની સાથે બેસવું પડે છે. તેમનામાં ધ્યાન આપવું પડે છે. એક સમય હતો જયારે વાલી તરીકે અમે છોકરાઓને ફોન અડવાની ના પાડતા હતા અને એક આ સમય છે જયારે તેમને સામેથી જ ફોન આપવો પડે છે. ઓનલાઈન કલાસ ચાલતા હોય ત્યારે કયારેક નેટવર્ક પ્રોબ્લેમ તો કયારેક ટીચરનો અવાજ સ્પષ્ટ નથી સંભળાતો અને કયારેક ટેકનીકલ પ્રોબ્લેમ થાય છે. આમ કરતા કરતા ભણવું એના કરતા તો સારું શિક્ષણ શાળામાં જ મળે. ઓનલાઈનમાં નહિ. હજુ આપણા ભારતમાં એ સમય નથી આવી ગયો કે આપણા બાળકો ઓનલાઈન ભણે. આપણા બાળકો તોશાળાએ જઈને સારું ભણતર મેળવે એ જ જરુરી છે. કોરોનાની મહામારી વચ્ચે આવી રીતે ભણવાનું ચલાવી લેવાય પણ આ કપરો સમય પૂર્ણ થયા બાદ તો ભણતર માટે શાળા જ માત્ર સંપૂર્ણ સાધન છે.



**- કિંજલ દેવાંગ ઠક્કર, વાલી**

●●●



એક વાલી તરીકે મારા મતે ઓનલાઈન એક જોતા સારા છે પણ આ સીસ્ટમમાં બાળકોને ભણવામાં થોડી ખબર નથી પડતી અને તેઓ ઘણીવાર કન્ફયુઝ થઈ જાય છે. કલાસમાં શિક્ષકો ખુબ જ મહેનત કરે છે પણ બાળકો વધુ સમજી શકતા નથી. અને મોબાઈલ નો ઉપયોગ ભણવાની જગ્યાએ ગેમ રમવા માટે વધુ કરે છે. જેવા બ્રેક ટાઈમ મળે એ સમયમાં ગેમ શરૂ થઈ જાય છે. શિક્ષકો અને બાળકોનું કો-ઓર્ડીનેશન થાય તો વાંદો નથી આવતો પછીતો બાળકો પર ડીપેન્ડ છે અને હા સવારે ૯ થી ૧૨ના કલાસ હોયછે જે દરમિયાન તેઓને આંખોનો ઈશ્યુ પણ થતો નથી.

**- બેલા કૃણાલ શાહ, વાલી**

### નગરના શિક્ષકગણ તથા વાલીઓના મતે ઓનલાઈન શિક્ષણના ફાયદા અને ગેરફાયદા

**ફાયદા**

- વિદ્યાર્થીઓને શાળાએ આવવાની જરૂર રહેતી નથી.
- વાહન ખર્ચ બચે છે.
- દફતરોમાં ચોપડા ઉંચકવા પડતા નથી.
- મર્યાદિત સમય છે.
- ઘરે બેઠા ભણવાથી પરિવાર સાથે વધુ સમય રહી શકે છે.

**ગેરફાયદા**

- માતા-પિતા મુંઝવણમાં છે કે એક ફોન બે ત્રણ બાળકો વચ્ચે કોને આપવો?
- દિવસનો બધો જ ડેટા બાળકોના ભણતર સંદર્ભે જ વપરાઈ જાય છે. ઉપરથી ઓનલાઈન હોમવર્ક મોકલવું હોય તો ડેટા જ બચતો નથી.
- પ્રત્યક્ષ શિક્ષણ જેટલો કંટ્રોલ બાળકો પર ઓનલાઈન શિક્ષણમાં રહેતો નથી.
- શિક્ષક અને વિદ્યાર્થીઓ લાઈવ કલાસની આપ-લે તો કરે છે પણ વિડીયો ચેટ ઓફ પણ વિદ્યાર્થીઓના એકાઉન્ટ મ્યુટ જ કરવા પડતા હોવાથી વિદ્યાર્થી છેક સુધી સાથે છે કે નહિ તે ખબર પડી શકતી નથી.
- મોબાઈલનો ઉપયોગ ઓનલાઈન શિક્ષણથી વધી ગયો છે સાથે બાળક હવે ગેમ રમવા અને યુટયુબ માટે અલગ સમય લે છે.
- નાના બાળકોની સાથે વાલીને રહેવું જ પડે છે.
- બાળકો ઘણીવાર કન્ફયુઝ થઈ જાય છે પણ જલ્દીથી પ્રશ્ન પુછી શકતા નથી.
- બાળક શિક્ષણ લેવા સાથે ફોનમાં ગેમ રમવાનો ટાઈમ અલગ લે છે એટલે વધુ સમય ફોન લેવાથી આંખોની તકલીફ, ચશ્માના નંબર આવવાની સમસ્યા સાથે માથુ દુઃખવાની ફરિયાદ થઈ શકે છે.

●●●

મારા મતે ઓનલાઈન શિક્ષણના ફાયદા એ છે કે, (૧) વિદ્યાર્થીઓને શાળાએ આવવાની જરૂર રહેતી નથી જેથી વાહન ખર્ચ અને ભારે દફતરો ઉંચકીને જવામાંથી મુકિત (૨) આમ પણ બાળકો વિદ્યાર્થીઓમાં મોબાઈલનું આકર્ષણ રહેલું હોયછે એમને મોબાઈલમાં ભણવું વધુ ગમે છે. (૩) જો શિક્ષક અને વિદ્યાર્થી ધારે તો ટેકનોલોજીનો સાચી દિશામાં યોગ્ય ઉપયોગ કરીને અસરકારક શિક્ષણ કરી શકે છે.

સાથે સાથે વાલીઓ અને શિક્ષકગણ સાથે થતી વાતચીત ઉપરાંત મારા બાળકોને ઓનલાઈન શિક્ષણ આપવાના અનુભવથી જણાવું તો, એક પ્રિન્સિપાલ તરીકે રોજબરોજ શિક્ષકોની જે બાબતો ઓનલાઈન શિક્ષણ સંદર્ભે સામે આવી છે તેમાં મુખ્યત્વે ઈન્ટરનેટની કનેકટીવીટીનો થોડોક પ્રશ્ન નડે છે. રોજબરોજ ઓનલાઈન શિક્ષણકાર્ય દોઢ કલાકથી વધુ ચલાવવા જાય તો વિદ્યાર્થીઓના મોબાઈલ ડેટા વધુ વપરાઈ જાય છે એટલે ખર્ચાળ સાબિત થાય છે. જેથી અભ્યાસક્રમ સમયસર પૂર્ણ કરવમાં આગામી સમયમાં તકલીફ પડે. એક ઘરમાં બે થી ત્રણ બાળકો હોય તો સ્માર્ટ ફોન કયા બાળકને આપવો એ પ્રશ્ન સતત વાલીને સતાવતો રહે છે જેને લીધે ઓનલાઈન શિક્ષણમાં બાળકો કનેકટ થવા જોઈએ તે થતા નથી.

ઓનલાઈન શિક્ષણણાં બાળકો પ્રત્યક્ષ રીતે વર્ગખડમાં ભણે છે એવો કંટ્રોલ રહેતો નથી. કેટલાક વાલીઓ બાળકોને આંખો ખેંચાવાની, માથુ દુઃખવાની પણ ફરિયાદ કરે છે. લોકડાઉન પહેલા વિદ્યાર્થીઓને મોબાઈલ આપવાની ના પડતા અને હવે આપવો જ પડે છે તેથી વિદ્યાર્થીઓના શિક્ષણકાર્ય પતી ગયા પછી શિક્ષણ સિવાયની મોબાઈલની ઈતર પ્રવૃત્તિઓમાં પણ જોડાય છે. આ વાલીની ફરિયાદ છે.



ઓનલાઈન શિક્ષણ કાર્યમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું આદાન પ્રદાન નહીવત રહે છે તેથી શિક્ષણ કાર્યની અસરકારકતા ઘટે છે. ઓનલાઈન શિક્ષણમાં વિદ્યાર્થી આળસુ બની જાય છે. **Education is a two way traffic.** જે ઓનલાઈન શિક્ષણમાં મહદઅંશે અસરકારક રહેતું નથી. ઓનલાઈન શિક્ષણ વખતે વિદ્યાર્થીઓ ન કરવા જેવી હરકતો કરે છે જેના કારણે શિક્ષક ઓનલાઈન શિક્ષણની સલામતી ન જોખવાય તે માટે યોગ્ય વિકલ્પો શોધે છે જેથી આ પણ એક ઓનલાઈન શિક્ષણની મર્યાદા કહી શકાય. મોટા ભાગનો મોબાઈલ ડેટા વિદ્યાર્થીના શિક્ષણમાં જ વપરાઈ જતો હોવાથી માતા પિતાને ફોનનો ઉપયોગ કરવા મળે નહિ જેના લીધે તેમના સ્વભાવ ચિડિયા બની જાય છે.

**- ડો. ચેતના બુચ, પ્રિન્સિપાલ**